દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

બુધવાર ૧૫ ઓક્ટોબર, ૨૦૨૫

# પાકિસ્તાન-અફઘાનિસ્તાન વચ્ચે કેમ આટલી તીવ્ર શત્રુતા સર્જાઈ?

જ્યારે અફઘાનિસ્તાનના વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તકી ભારતમાં હતા, ત્યારે પાકિસ્તાન અને તાલિબાન શાસિત રાષ્ટ્ર વચ્ચેની 2,600 કિલોમીટર લાંબી ડ્યુરન્ડ લાઇન આગમાં ભડકી ઉઠી હતી. પાકિસ્તાની અને અફઘાન દળોએ આ ડુરાન્ડ લાઇન પર ઓછામાં ઓછા સાત સ્થળોએ ઘાતક ગોળીબાર કર્યો. તાજેતરના વર્ષોમાં હિંસાના સૌથી તીવ્ર વધારામાં બંને પક્ષોએ સરહદી ચોકીઓ કબજે કરીને નાશ કરવાનો દાવો કર્યો છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સરહદ ક્રોસિંગ બંધ કરવામાં આવ્યા છે. બંને પક્ષોએ એકબીજાને નોંધપાત્ર રીતે ભારે જાનહાનિ પહોંચાડવાનો દાવો કર્યો છે. કતાર અને સાઉદી અરેબિયાની દરમ્યાનગીરી પછી બંને દેશો વચ્ચે લડાઇ તો અટકી પરંતુ વાતાવરણમાં ભારે તનાવ છે.

એમ કહેવાય છે કે ઘર્ષણોનું તાત્કાલિક કારણ ૯ ઓક્ટોબરના રોજ કાબુલ અને પક્તિકા પ્રાંતમાં પાકિસ્તાનના હવાઈ હુમલા હતા. પાકિસ્તાની દળોએ તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP)ના વડા નૂર વલી મહસુદને નિશાન બનાવ્યો હતો. પાકિસ્તાન આક્ષેપ કરે છે કે ટીટીપી અફઘાનિસ્તાનમાં આશરો લે છે અને ત્યાંથી પાકિસ્તાનમાં હુમલાઓ કરે છે. આ આક્ષેપ તાલીબાન સરકાર નકારતી આવી છે. અફઘાન તાલિબાન અને તહેરીકે તાલીબાન પાકિસ્તાન જુદા જુદા છે. અને અફઘાન તાલિબાન સરકાર જાહેરમાં એમ કહેતી આવી છે કે તે ટીટીપીને આશરો આપતી નથી. હાલની લડાઇમાં જાનહાની અને નુકસાનના સામસામા દાવાઓ થયા, જેની સત્યતા હજી ચકાસી શકાઇ નથી.

પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે મિત્રતા અને શત્રુતાનો જૂનો અને વિચિત્ર ઇતિહાસ રહ્યો છે. રશિયા સાથેની લડાઇ અને તે પછીના અશાંતિના વાતાવરણમાં પાકિસ્તાનમાં અનેક અફઘાન શરણાર્થીઓ આવ્યા હતા. અફઘાનિસ્તાનમાં પહેલી તાલીબાન સરકાર પાકિસ્તાનના ટેકાથી જ બની હતી. તે સરકારના પતન પછી અમેરિકાના ટેકાથી રચાયેલી સરકારો સાથે પાકિસ્તાનના સંબંધો કંઇ બહુ ઉષ્માભર્યા રહ્યા નહીં. હાલમાં નવી તાલીબાન સરકાર આશ્ચર્યજનક રીતે રચાય ત્યારે ત્યારની ઇમરાનખાનની પાકિસ્તાન સરકાર આનંદમાં આવી ગઇ હતી અને ભારતને મહેણા માર્યા હતા અને હવે આ જ સરકાર સાથે પાકિસ્તાનને તીવ્ર શત્રુતા સર્જાઇ છે. સંસ્થાનવાદી વિદેશી શાસન વખતની ડ્યુરાન્ડ લાઇન હજુ પણ પાકિસ્તાન-અફઘાન દુશ્મનાવટને કેવી રીતે વેગ આપે છે. પાકિસ્તાન-અફઘાનિસ્તાનનો હાલનો સરહદી સંઘર્ષ તાલિબાન શાસનના વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તાકીની નવી દિલ્હીની ઐતિહાસિક મુલાકાત સાથે થયો હતો. ભારતે કાબુલમાં પોતાનું દૂતાવાસ ફરીથી ખોલવાની જાહેરાત કરી ત્યારે દેખીતી રીતે પાકિસ્તાનના પેટમાં તેલ રેડાયું. આમ જુઓ તો અફઘાનિસ્તાન કરતા પાકિસ્તાન લશ્કરી રીતે અનેકગણુ શક્તિશાળી છે. તાલીબાનો પાસે હવાઇ દળ જેવું તો કશું છે જ નહીં! અને પાકિસ્તાન જો પુરા જોશથી હુમલો કરે તો ત્રણેક દિવસમાં જ તાલીબાન સરકારનો ઘડોલાડવો થઇ જાય તેમ છે અને કદાચ આથી જ અફઘાનિસ્તાન હવે ભારતનું શરણુ શોધે છે. ભારત જો કે યોગ્ય રીતે જ સાચવીને ડગલા ભરી રહ્યું છે. તેણે આ લડાઇમાં સીધી રીતે સંડોવાવું નથી. હવે આગળ શું થાય છે તે જોવાનું રહે છે.

# પાકિસ્તાન અને અફઘાનિસ્તાન ફરી કેમ લડી રહ્યા છે? ભારત માટે તેનો શું મતલબ છે?

**પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના આ હિંસક મુકાબલાનું તાત્કાલિક કારણ પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનમાં કરવામાં આવેલા હુમલાઓ છે**

અફઘાનિસ્તાન અને પાકિસ્તાની સૈનિકો વચ્ચે 2,600 કિલોમીટર લાંબી સરહદ પર અનેક સ્થળોએ ઘાતક ગોળીબાર થયો છે. તાજેતરનાં વર્ષોમાં સૌથી ભીષણ સરહદી અથડામણમાં બંને પક્ષો સરહદી ચોકીઓ કબજે કરીને નાશ કરવાનો દાવો કરી રહ્યા છે. તો લડાઈમાં નવીન શું છે? અથડામણોની શરૂઆત શા માટે થઈ? શું પરિસ્થિતિ વધુ વણસવાની અપેક્ષા છે?તાજેતરમાં અફઘાનિસ્તાનના વિદેશ પ્રધાનની મેજબાની કરી હતી, ભારત માટે આ બધાનો શું અર્થ છે?

પાકિસ્તાન અને તાલિબાન શાસિત અફઘાનિસ્તાન વચ્ચે વધતા તણાવથી ભારત કાબુલ પર પોતાનો પ્રભાવ વધારવામાં સફળ રહ્યું છે. પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે નવી લડાઈ 11 ઓક્ટોબરે શરૂ થઈ હતી, જ્યારે અફઘાનિસ્તાનના તાલિબાન દળોએ તેમની વહેંચાયેલ સરહદ પર પાકિસ્તાની સૈનિકો પર હુમલા શરૂ કર્યા હતા.

તે 9 ઓક્ટોબરે ‘ પાકિસ્તાની સેના દ્વારા કાબુલ પર કરવામાં આવેલા હવાઈ હુમલાનો બદલો’ હતો. પાકિસ્તાને કાબુલ પર હવાઈ હુમલાની સીધી જવાબદારી સ્વીકારી ન હતી. પરંતુ તેણે વારંવાર કહ્યું છે કે, તેને વધતા જતા આતંકવાદ સામે પોતાની રક્ષા કરવાનો અધિકાર છે, જેનું આયોજન તે અફઘાન ભૂમિ પરથી કરે છે.

વિડંબના એ છે કે, ભારત પણ પાકિસ્તાન પર એ આરોપ લગાવે છે કે, તે જમ્મુ અને કાશ્મીરમાં આતંકવાદીઓ મોકલીને નિર્દોષ લોકોની હત્યા કરાવી રહ્યું છે. કાબુલ પર પાકિસ્તાનનો હુમલો અફઘાન વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તાકીની ભારત મુલાકાત સમયે થયો હતો. શું પાકિસ્તાન મુત્તાકીની ભારત મુલાકાતથી નારાજ છે? સૌથી નોંધપાત્ર વાત એ છે કે, ભારતે અગાઉ કહ્યું હતું કે, તે કાબુલમાં તેનું દૂતાવાસ ફરીથી સ્થાપિત કરશે, જે 2021 બાદથી એક પરિવર્તન છે, જ્યારે અમેરિકન સૈનિકોએ અફઘાનિસ્તાનમાંથી પાછા ફરવાનું શરૂ કર્યું અને તાલિબાને દેશના મોટા ભાગના ક્ષેત્રો પર ઝડપથી સત્તા કબજે કરી હતી.

તાલિબાન સાથે ભારતના રાજદ્વારી પગલાનું સૌથી મહત્ત્વપૂર્ણ કારણ એપ્રિલ 2025માં થયેલા વિનાશક પહેલગામ આતંકવાદી હુમલા પછી અફઘાનિસ્તાન દ્વારા ભારતને આપવામાં આવેલું અટલ સમર્થન છે. અફઘાનિસ્તાન એક મજબૂત સાથી તરીકે ઊભરી આવ્યું. તાલિબાનના નેતૃત્વ હેઠળ કાબુલની સરકારે સ્પષ્ટ નિંદાઓ કરી, પ્રાદેશિક તાકાતો સાથેના સંબંધો તોડી નાખ્યા, જેમણે પોતાનો દાવ સુરક્ષિત કરી લીધો હતો.

આ સમર્થન ઓપરેશન સિંદૂર સુધી વિસ્તર્યું, જેમાં ભારત દ્વારા પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાંઓ પર સચોટ સર્જિકલ સ્ટ્રાઇક કરી. અફઘાન અધિકારીઓએ સક્રિયપણે ગુપ્ત માહિતી શેર કરી, જે સરહદો પાર ફેલાતા પાકિસ્તાન-પ્રાયોજિત આતંકવાદ સામે હિતોના સંકલન પર પ્રકાશ પાડવામાં આવ્યો. આનાથી પણ વધુ આશ્વસ્ત કરનારી વાત અફઘાનિસ્તાનના વિદેશ પ્રધાન અમીર ખાન મુત્તાકી તરફથી સ્પષ્ટ ખાતરી હતી. તેમણે યુએન જનરલ એસેમ્બલીને જણાવ્યું હતું કે, અફઘાન ભૂમિનો ઉપયોગ ભારત વિરોધી પ્રવૃત્તિઓ માટે ક્યારેય કરવામાં આવશે નહીં.

આ પ્રતિબદ્ધતાએ નવી દિલ્હી સામે પ્રોક્સી યુદ્ધ માટે અફઘાન ભૂમિનો ઉપયોગ લોન્ચપેડ તરીકે કરવાની પાકિસ્તાની યોજનાને નિષ્પ્રભાવી કરી દીધી. મુત્તાકી સાથેની તેમની મુલાકાત દરમિયાન વિદેશ પ્રધાન એસ જયશંકરે આતંકવાદને એક કોમન ખતરો ગણાવ્યો. જયશંકર અને મુત્તાકી વચ્ચેની બેઠક પછી જારી કરાયેલા સંયુક્ત નિવેદનમાં કહેવામાં આવ્યું છે: ‘’બંને પક્ષોએ પ્રાદેશિક દેશોમાંથી ઉદ્ભવતા આતંકવાદનાં તમામ કૃત્યોની સ્પષ્ટ નિંદા કરી. તેઓએ પ્રદેશમાં શાંતિ, સ્થિરતા અને પરસ્પર વિશ્વાસને પ્રોત્સાહન આપવાના મહત્ત્વ પર ભાર મૂક્યો.’’

આનાથી પાકિસ્તાન ભડક્યું. ઈસ્લામાબાદે ભારત-અફઘાનિસ્તાનના સંયુક્ત નિવેદન પર અફઘાનિસ્તાનના રાજદૂતને બોલાવીને પોતાનો ‘તીવ્ર વાંધો’ વ્યક્ત કર્યો હતો. ઈસ્લામાબાદે મુત્તાકીના એ દાવાને પણ નકારી કાઢ્યો હતો કે, આતંકવાદ પાકિસ્તાનનો આંતરિક મુદ્દો છે.

**ફિંગર પ્રિન્ટ**

**શેખર ઐયર**

**તાલિબાન સાથે ભારતના રાજદ્વારી પગલાનું સૌથી મહત્ત્વપૂર્ણ કારણ એપ્રિલ 2025માં થયેલા વિનાશક પહેલગામ આતંકવાદી હુમલા પછી અફઘાનિસ્તાન દ્વારા ભારતને આપવામાં આવેલું મજબૂત સમર્થન છે**

મોટા ભાગના નિષ્ણાતો માને છે કે, પાકિસ્તાન-અફઘાનિસ્તાન સંબંધો ટૂંક સમયમાં સામાન્ય થવાની કોઈ આશા નથી. એક કહેવત છે કે ‘દુશ્મનનો દુશ્મન મિત્ર હોય છે અને કોઈ કાયમી સાથી કે વિરોધી હોતા નથી - ફક્ત કાયમી હિતો હોય છે.’

તાલિબાનના નેતૃત્વ હેઠળના અફઘાનિસ્તાન પ્રત્યે ભારતના બદલતા વલણમાં આ સિદ્ધાંત પ્રતિધ્વનિત થાય છે. પરંતુ પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચેના આ હિંસક મુકાબલાનું કારણ શું છે? અલબત્ત, હિંસાનું તાત્કાલિક કારણ પાકિસ્તાન દ્વારા અફઘાનિસ્તાનમાં કરવામાં આવેલા હુમલાઓ છે. પાકિસ્તાન કહે છે કે, હવાઈ હુમલાઓ તેહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (ટીટીપી) અથવા પાકિસ્તાન તાલિબાનના નેતાને નિશાન બનાવીને કરવામાં આવ્યા હતા, જે કાબુલમાં એક વાહનમાં મુસાફરી કરી રહ્યા હતા.

પાકિસ્તાને વારંવાર કાબુલ પર પાકિસ્તાની આતંકવાદીઓ, એટલે કે ટીટીપીને આશ્રય આપવાનો આરોપ લગાવ્યો છે, જે અફઘાન ભૂમિથી હુમલા કરે છે. પાકિસ્તાનની ધરતી પર થયેલા કેટલાક સૌથી ઘાતક હુમલાઓમાં ટીટીપીનો હાથ રહ્યો છે, જેમાં ડિસેમ્બર 2014માં પેશાવરમાં આર્મી પબ્લિક સ્કૂલ પર થયેલો હુમલો પણ સામેલ છે, જેમાં આઠથી 18 વર્ષની વયના 132 શાળાનાં બાળકો અને નવ શાળાના કર્મચારીઓની હત્યા કરવામાં આવી હતી. તેમના પર લગામ લગાવવા માટે પાકિસ્તાન એ ઠેકાણાંઓ પર હુમલાઓ કરી રહ્યું છે, જેને તેઓ ટીટીપીના લોન્ચ પેડ્સ કહે છે. આ તણાવ વર્ષોથી ચાલી રહેલા અવિશ્વાસ અને 2,611 કિમી લાંબી ડ્યુરન્ડ લાઈન પર વારંવાર થતી અથડામણોને કારણે પણ છે, એક એવી સીમા જેને અફઘાનિસ્તાને ક્યારેય ઔપચારિક રીતે માન્યતા આપી નથી. પાકિસ્તાન દ્વારા અફઘાન શરણાર્થીઓને દેશનિકાલ કરવાથી પણ બંને દેશો વચ્ચે તણાવ વધ્યો છે.

પાક-અફઘાન અથડામણ પછી આગળ શું થશે? પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે હિંસામાં વધારો થવાથી આ ક્ષેત્રમાં ચિંતા વધી છે. સાઉદી અરેબિયા, કતાર અને ઈરાન જેવા ઘણા અન્ય દેશોએ સંયમ રાખવાની હાકલ કરી છે. ખાસ ધ્યાન સાઉદી અરેબિયા પર આપવામાં આવી રહ્યું છે, જેણે તાજેતરમાં પાકિસ્તાન સાથે નાટો જેવા કરાર પર હસ્તાક્ષર કર્યા છે. કરારમાં કહેવામાં આવ્યું છે કે, એક રાષ્ટ્ર પર હુમલો બંને દેશો પર હુમલો માનવામાં આવશે. જોકે, એવું લાગે છે કે આ કરાર હજી સુધી અમલમાં મુકાયો નથી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## ગુરુજીની પ્રાર્થના

એક આદર્શ ગુરુકુળમાં બહુ બધા શિષ્યો ગુરુજી પાસે શિક્ષણ લેતા હતા. ગુરુકુળમાં એક વિશેષ સ્થળ હતું જ્યાં આગળ બધાએ જ સવારે અને સાંજે પ્રાર્થના કરવાની હતી. આ પ્રાર્થનાકક્ષમાં રોજ વહેલી સવારે ગુરુજી આવતા અને બધા શિષ્યો અચૂક ત્યાં આવી પ્રાર્થનાથી પોતાના દિવસની શરૂઆત કરતા. આ આશ્રમનો નિયમ હતો.

એક દિવસ એક શિષ્યના મનમાં જિજ્ઞાસા ઉત્પન્ન થઈ. તેણે પ્રાર્થના કરતી વખતે આંખો ખોલીને જોયું ગુરુજીને પ્રાર્થના કરતા જોયા. બીજા બધા પર નજર ફેરવી તો બધાની આંખો બંધ રહેતી, હાથ જોડાયેલા રહેતા અને હોઠ ફફડતા હતા પણ ગુરુજીની આંખો બંધ, હાથ જોડાયેલા અને માથું નમેલું પણ હોઠ ફફડતા ન હતા.

જિજ્ઞાસાને કારણે તેણે ગુરુજીને પૂછ્યું, ‘‘ગુરુજી, જ્યારે પ્રાર્થના કરીએ છીએ તો મેં જોયું છે કે બધા જ ઈશ્વરને પ્રાર્થના કરે છે, કંઈક માંગે છે તો બધાના હોઠ ફફડતા હોય છે પણ તમારા હોઠ તો ક્યારેય હલતા નથી. તમે તો હાથ જોડીને માથું નમાવીને એક પથ્થરની મૂર્તિની જેમ ઊભા જ રહો છો. શું



તમે ઈશ્વરને કંઈ કહેતા જ નથી અને કહો છો તો શું કહો છો? મનની અંદરથી તમે કંઈ કહેતા હો તો પણ હોઠો પર તેનું કંપન તો દેખાય જ. મોઢા ઉપર ઈશ્વર પાસે કંઈક માંગી રહ્યા છો. કંઈક ઈશ્વરને કહી રહ્યા છો તેવો

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

ભાવ આવી જ જાય પણ તમે તો એકદમ સ્થિતપ્રજ્ઞની જેમ ઊભા રહો છો. તમારા મોઢા ઉપર કોઈ જ ભાવ નથી આવતો. શું તમે ઈશ્વર પાસે કંઈ માંગતા નથી કે ઈશ્વરને કોઈ જ પ્રાર્થના કરતા નથી?’ ગુરુજીએ શિષ્યની બધી જિજ્ઞાસા સાંભળી લીધી, પછી તેને કહ્યું, ‘‘ વત્સ, પ્રાર્થના હું કરું છું પણ તું પ્રાર્થના કરવાના સમયમાં ઈશ્વરને ભૂલીને બીજાનું અવલોકન કરે છે તે બરાબર નથી.’’ શિષ્ય નીચું જોઈ ગયો.ગુરુજી બોલ્યા, ‘‘હું સવાર અને સાંજે માત્ર પ્રાર્થનાકક્ષમાં નહીં પણ હું તો ઈશ્વરને આખો દિવસ પ્રાર્થના કરતો રહું છું. મારી સાથે રહેજે. મારી પર કૃપા વરસાવજે. મારા શિષ્યોનું ધ્યાન રાખજે એવું ઘણું બધું હું પણ માંગવા ઇચ્છું છું પણ હું ઈશ્વર પાસે કશું માંગતો જ નથી. હું માત્ર મારી જાતને ઈશ્વરની સમક્ષ રજૂ કરું છું અને ઈચ્છું છું કે ઈશ્વર મને જુએ. મારા સમર્પણને જુએ.મારી પરિસ્થિતિને જુએ અને તે પ્રમાણે હું જેને લાયક હોઉં, મને જેની જરૂર હોય તે કૃપા મારી ઉપર વરસાવે. હું પોતે ઈશ્વર પાસે કશું જ માંગતો નથી. હું માત્ર રોજ ઈશ્વરને યાદ કરું છું અને રોજ મારી જાતને ઈશ્વરની સમક્ષ રજૂ કરું છું. ઈશ્વરનાં ચરણોમાં સમર્પિત કરું છું. ઈશ્વર જે આપણા હિતમાં હશે તે બધું જ યોગ્ય સમયે આપણને આપશે જ. કશું માંગવાની જરૂર હોતી જ નથી.

# સ્વૈચ્છિક સંસ્થાઓએ રાષ્ટ્ર વિકાસ અર્થે સમાજ કાર્ય કરવાના રહેશે

**અવારનવાર**

**ડૉ.નાનક ભટ્ટ**

**દાનવીરોની દુઆથી ભલાઈનાં કાર્યો, રાષ્ટ્ર કલ્યાણ, પર્યાવરણને નુકસાન કરતા, પ્રજા હિતને પ્રબળ કરવા, માળખાગત સુવિધાનાં કામો, લોકશાહી માટેનાં સંઘર્ષમાં હવે સ્વૈચ્છિક સંસ્થાઓનું અસ્તિત્વ અપ્રસ્તુત બનતું જોવા મળે છે**

‘જીવમાત્ર દયાને પાત્ર છે.’ આવા કરુણામય વ્યવહારમાંથી મહાજન વ્યક્તિત્વનો વિકાસ થયો. ઈસુએ પહાડ પરનાં વક્તવ્યમાં અન્ય પ્રત્યેની કરુણાથી જ પરમ પિતા રીઝે છે તેવી વાત કરી, તેમ કુરઆનની આયાતમાં દાન-ધર્મના મહિમા સાથે જન્નતના સ્થાનની નિશ્ચિતતા ઉપર મહોર લગાવી છે. ભગવદ્ ગીતામાં ઘોષણા કરતા સ્વયં ભગવાને કહ્યું છે, ઈશ્વરના અસ્તિત્વનો આધાર માનવ સેવા છે. અને આથી જ તો પરસ્પરના સહકારથી જીવન વ્યવહાર ગોઠવવા પ્રત્યે શ્રદ્ધાવાન ગુજરાતીઓ ગરીબ-વૃદ્ધો, અસહાય અને રોગીઓની સારવાર, ગૌસંરક્ષણ પ્રકારનાં કાર્યોથી પુણ્ય હેતુ સધાયાનો સંતોષ મેળવે છે.

પરંતુ જે સ્તંભના આધારે સ્વૈચ્છિક સંસ્થાઓની વિભાવના ઊભેલી તે પાયા હવે હચમચી ગયાં છે. બદલાયેલ સામાજિક પરિસ્થિતિ સંદર્ભે જોઈએ તો, ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ દાતાઓના દાનથી ભલાઈના કામો કરે છે, પરંતુ ગુગલ સદીમાં હવે સેવા કાર્યથી પુણ્ય અને પુણ્યથી સ્વર્ગની માન્યતા તૂટી પડી છે. નવી પેઢી પાસે પૈસાના ખર્ચ માટેનો એજંડા એટલો વ્યાપક છે કે કરકસરથી જીવીને, સાદગી અપનાવીને દુખિયારા માટે જકાત (દાન) બાજુ ઉપર કાઢવાનો તર્ક રહ્યો નથી. એકલા મુંબઈમાં વિકએન્ડમાં રૂ.૮-૨૦ હજારમાં વિમાનની ટીકિટ ખરીદી દુબઈ, સિંગાપોર કે થાઈલેન્ડ જનારની સંખ્યા ૧૪,૦૦૦ સુધી પહોંચી છે. ઘરે બેઠાં એમેઝોન અને બિગ બાસ્કેટ જેવી માર્કેટ લિંક ઉપર ખરીદી દરેક મહિને રૂ.૨૯૦૦ કરોડ સુધી પહોંચે છે.

ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ સરકારની ગ્રાન્ટથી કલ્યાણ પ્રવૃત્તિઓને લોકો સુધી પહોંચાડવાનું કામ કરે છે. દર્શન શાસ્ત્ર: નિરામયા પ્રકારની વિભાવનામાંથી ભારતનાં સંવિધાને કલ્યાણ રાજ્ય અને આર્થિક સમાનતાને માનવ અધિકાર સાથે જોડી આપ્યું. પરંતુ બંધારણ રૂએ જે પ્રતિનિધિઓ પક્ષીય માળખામાંથી ચૂંટાઈ આવે છે તેઓનો આગ્રહ રહે છે કે રાજ્ય પોતાના સિવાય કોઈને પણ કલ્યાણ હેતુ સાથે જોડાવવાનો લાભ આપે નહીં. જ્યોતિ બાસુના ૧૮ વર્ષ સુધી વિસ્ટ બંગાળમાં એકચક્રીય શાસનનું રહસ્ય સામ્યવાદી પક્ષની કલ્યાણ પ્રવૃત્તિ ઉપરની મજબૂત પકડ હતી. જે રાહ હવે મમતાએ આચર્યો છે.

ગુજરાતમાં સરકાર પણ માને છે કે ગરીબ માણસનું કલ્યાણ પોતાનો પક્ષ રાષ્ટ્ર વિકાસને ભાગરૂપે જ કરી શકશે અને આથી આજે વિધવા સહાય, અપંગ સહાય, આવાસ કે બહેનને સાધન સહાયની ભલામણ ફોર્મમાં ચૂંટાયેલ પાંખોના સભ્યશ્રીની સહી અનિવાર્ય બનાવી દેવામાં આવી છે.

ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ ઉદ્યોગોનાં કાર્યક્ષેત્ર વિસ્તારમાં ગરીબી નિવારણના કામો કરે છે. પ્રાકૃતિક સંપદાનો વિશેષ વિનિયોગ કરનાર ઉદ્યોગોની સામાજિક જવાબદારી બને છે કે, ખેતીની જે જમીન ઉપર ઉદ્યોગો બન્યા છે, જે ભૂતળનું પાણી ઊંડાણ સુધી ખેંચી લીધુ છે, તેમ હવાને પ્રદૂષિત કરી છે, તો ક્ષેત્રના પેઢી દર પેઢીના રખેવાળોને પોતાના ઉદ્યોગમાં નોકરી આપે. આસપાસનાં ગામોનાં બાળકોને શૈક્ષણિક સંકુલ સ્થાપી ભણાવે. દવાખાના અને રસ્તાની સુવિધા આપે. તેમ સરકારી યોજનાઓનું સંકલન કરી નાગરિકોને સારા આવાસ આપે. ઉદ્યોગો પોતાની કર જવાબદારીમાંથી ૩ % સુધીની રકમ સી.એસ.આર. તરીકે વાપરે, પણ આ કામ હવે ઉદ્યોગો દ્વારા જ પારિવારીક સેવા વ્યવસ્થા ગોઠવીને થાય છે. જેથી ઉદ્યોગે ખર્ચેલી પાઈ-પાઈની પૂરેપૂરી ક્રેડિટ ઉદ્યોગોના માલિકના શિરે ચડે છે.

ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓ પ્રજાકીય પ્રશ્નો માટે સંઘર્ષ કરતી રહી છે. આઝાદીની લડત સમયે ગાંધી વિચારમાંથી ગુજરાતના સ્વૈચ્છિક સંગઠનોને સંઘર્ષ અને રચના તેવો દિશા નિર્દેશ મળ્યો. રાજ્યમાં જનપથ, વાણી, સૌરાષ્ટ્ર મૈત્રી મંચ જેવા નેટવર્કિંગ સાથેના સ્વૈચ્છિક સમૂહોએ સરકારની નીતિ અને તેનાં પરિણામોને તાર્કિક રીતે સાંકળીને સમાજશાસ્ત્રીય અભિગમથી તેનું મૂલ્યાંકન કર્યું. દિશા, ઉત્થાન જેવી સંસ્થાઓએ આદિવાસી, અગરિયા, વંચિતોના પ્રશ્નો ઉઠાવ્યા, પરંતુ હવે યુનિવર્સિટીના વાઈસ ચાન્સલરોથી લઈ વિભાગોના અધ્યક્ષો સુધી ગોઠવાએલ પક્ષીય માળખાના લીધે હવે સરકારમાં માત્ર અનુકૂળ અભ્યાસો જ સ્વીકારવામાં આવે છે અને પ્રચાર માધ્યમોમાં માલિકી હકના જોરે જે કહેવાપાત્ર હોય તેટલું જ પ્રચલિત કરાતાં સત્ય-અસત્ય વચ્ચે અનુકૂળ-સત્યની નવી વિભાવના ટોળાને દોરી રહી છે. આમાનું એક ઉદાહરણ, જીવાદોરી ગણાતી નર્મદા યોજનાનાં પાણીનાં વિતરણની શિથિલતા વચ્ચે સુજલામ-સુફલામ્ યોજનામા વ્યાપ્ત ભ્રષ્ટાચાર ગણી શકાય.

આઝાદીનાં ૭૫ વર્ષ છતાંએ પુણ્ય માટે સતકાર્ય, દાનવીરોની દુઆથી ભલાઈનાં કાર્યો, રાષ્ટ્રનાં કલ્યાણ હેતુને પ્રચલિત કરવા વિકાસ કાર્યો. પર્યાવરણને નુકસાન કરતા ઉદ્યોગોનાં પ્રજા હિતને પ્રબળ કરવા માટેના માળખાગત સુવિધાનાં કામો, લોકશાહીનાં દ્રઢિકરણ માટેનાં સંઘર્ષ કાર્યોમાં હવે સ્વૈચ્છિક સંસ્થાઓનું અસ્તિત્વ અપ્રસ્તુત બનતું જોવા મળે છે.

આઝાદી પછી ઉભરેલ નવા પડકારોને સમજવા સ્વૈચ્છિક સંગઠનોએ રાષ્ટ્રહિતને આગળ કરી નવેસરથી રણનીતિ ઘડવી પડશે. વિજ્ઞાન અને તકનિકી વિકાસ આધારે સામાજિક સમાનતાના માપદંડો ઘડવા પડશે. તેમ આર્થિક માપદંડથી મપાતાં તમામ ધોરણોની નશ્વરતા પ્રતિપાદિત કરી ઘસાતાં મૂલ્યને ફરી ગઠિત કરવાનું કાર્ય સ્વૈચ્છિક સંસ્થા તરીકે કરવું પડશે. જે આધારસ્તંભો ઉપર સ્વૈચ્છિક સંસ્થાઓની ઈમારત ચણાયેલ તે પાયા જ હચમચી ગયાં છે. ત્યારે નવા આયામ અને ધ્યેયોને સિદ્ધ કરવા નવી પદ્ધતિથી કાર્ય ગોઠવણ કરવી પડશે.

સ્વૈચ્છિક સંસ્થાઓએ હવે માત્ર સંવેદનાઓ કે ટીકા ટીપ્પણીને અળગા રાખી રાષ્ટ્રીય હિત માટે સેવાકાર્ય વિકસાવશે નહી તો સમય સરી જશે અને હાથમાં રહી જશે માત્ર ભવ્ય ભૂતકાળ.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### દૈવી પ્રાણીઓ કૂતરા અને વાંદરા

કૂતરા હિંદુઓને ગમે છે, કારણ પાંડવો જ્યારે હિમાલયમાં ઓગળવા ગયેલા ત્યારે એક કૂતરો સાથે આવ્યો! કૂતરો સ્વર્ગે સિધાવ્યો કે નહીં તે અંગે ‘મહાભારત’ના લેખકો કાંઈ જણાવતા નથી, પરંતુ અહીં ભારતની ધરતી ઊપર રહી ગયેલા કૂતરાઓએ અનેકોને સ્વર્ગે રવાના કરી દીધા છે. વાંદરા તો જંગલનાં પ્રાણી. પોતાના શરીરના આગલા પગોનો ઊપયોગ હાથ તરીકે કરી જાણે છે. તેમાં અક્કલ હોશિયારી પણ ઘણી હોય છે. તીર્થધામો, હવાખાવાનાં સ્થળોએ વાંદરાઓની વસ્તી કૂદકે ને ભૂસકે વધી ગઈ છે. ભલે વાંદરો તમારૂં નુકસાન કરે તમે તેની સામે અણગમો દર્શાવો, તો દાંતીયા કરી તમને ગભરાવી મુકે! છતાં તમારે તેનું માન-સન્માન કર્યે રાખવાનું નેતાઓની જેમ. હવે દૈવી પ્રાણીઓએ શિમલામાં માઝા મૂકી દીધી. ગુજરાતીઓ હજારોની સંખ્યામાં જાય છે ત્યાંની જનતા આ દૈવી પ્રાણીઓથી ત્રાસી ગઈ છે. અને ગયા મહિને શિમલામાં જનતાની જાહેર સભા થઈ તેમાં આ કૂતરા અને વાંદરાઓ સામે પ્રવચનો અને ઠરાવો થયા. જનતાએ ઠરાવો કરી રખડતા કૂતરાઓને પકડી બંધ કરવા ઉપરાંત આ કૂતરાઓને જે લોકો ખાવાનું આપે છે તેમના પર કાયદેસરના પગલે ભરવા માંગણી કરી છે. હવે વાંદરાનો વારો આવ્યો. વાંદરાઓને તો બર્ડ, ફ્લુમાં જેમ મુરઘીઓની સાગમટે કાપણી થાય છે, એવી કાપણી કરવાની માંગ જનતાએ કરી છે.

**અડાજણ, સુરત - ભરત પંડ્યા**

### સવ્યસાચી

ભાગ્યે જ જોવા મળતાં સવ્યસાચી પ્રશ્નો, મહાભારત, શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ઉલ્લેખાયા છે. ઓળખ પૌરાણિક ગ્રંથોમાંથી મળી આવે. મહાભારતના યુધ્ધ વેળા પાંડવોમાં અર્જુન માટે આ શબ્દપ્રયોગ થયો છે. ખૂબી, ચમત્કાર એ હતો કે અર્જુન પોતાના બંને હાથે કુશળતાપૂર્વક ધનુષ્યની પણછ ખેંચી સફળતાપૂર્વક ધારેલું ધ્યેય વીંધી શક્તો. ત્રાજવામાં ડાબો-જમણો પગ રાખી બેલેન્સ જાળવી ઉપર ગોળ ફરી માછલી વીંધવાનું કામ સવ્યસાચી અર્જુને જ પાર પાડ્યું હતું. એકાગ્રતા અને બે ત્રાજવાના પલ્લાનું બેલેન્સ પાંડવપુત્ર અર્જુને જ જાળવ્યું! અદ્ભુત લોકપ્રિય રમત ક્રિકેટમાં ડાબેરી, જમણેરી ખેલાડી જોવા મળે છે. પરંતુ સવ્યસાચી નહિ. અલબત્ત કોઈ ક્ષેત્રમાં દેશ-રાજ્યને ખૂણે કવાયત દેખા દે.

**સુરત - કુમુદબાઈ બક્ષી**

### PMJAY-G કેટેગરી આયુષ્યમાન કાર્ડ - વયસ્કોને મુશ્કેલી

ભારત અને ગુજરાત સરકારની પેન્શનરો માટેની PMJAY- G કેટેગરી આયુષ્યમાન કાર્ડ યોજના શરૂ કરવામાં આવી છે. પરંતુ એના અમલીકરણની સુચારુ વ્યવસ્થા અસરકારક બની રહે તો સાચે જ આ યોજના પેન્શનરો માટે ખૂબ લાભદાયક અને આર્શીવાદરૂપ બની રહેશે. એ માટે સરકારશ્રીને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા. પણ અહીંયા પ્રથમગ્રાસે મક્ષિકા જેવી સ્થિતિ ઉદ્દભવી હોય એવું લાગે છે. પેન્શનર્સ જ્યારે પોતાના નજીકના સૂચવેલ આરોગ્યકેન્દ્ર પર પહોંચે ત્યારે મોટેભાગે સર્વર ડાઉન હોય છે. કેટલાક દિવસોમાં તો માંડ પાંચ સાત જણાની કામગીરી થાય. પેન્સન ઓફિસ/ટ્રેઝરીમાંથી મળેલ પ્રમાણપત્રમાં તો વિગત બરાબર હોવા છતાં મોટાભાગના પેન્શનરના આશ્રિત પત્ની કે પતિ હોય તેમની સોફ્ટવેરમાં દેખાતી વિગતમાં ખાસ કરી પૂરું નામ ન હોય અને આશ્રિતનું જન્મવર્ષ જે તે પેન્શનરનું જોવા મળે છે. જે આધારકાર્ડ સાથે મેચ ન થતાં વેરીફાઈ થતું નથી અને રિજેક્ટ થાય છે. જેને કારણે આશ્રિતના કાર્ડ બની શકતા નથી. આ અંગે આરોગ્યકેન્દ્ર અને પેન્શન ઓફિસ/ટ્રેઝરીમાંથી સચોટ માર્ગદર્શન મળતું નથી. જેથી પેન્શનર અને તેમના આશ્રિતને આરોગ્યકેન્દ્રના ધક્કા ખાવા પડે છે અને મુશ્કેલીમાં મુકાય છે. આશા રાખીએ કે સોફ્ટવેરની આ ટેકનિકલ ખામી અંગે સરકાર તાત્કાલિક અસરકારક પગલાં લઈ એવી વ્યવસ્થા ગોઠવે જેથી નિવૃત વયસ્કોને મુશ્કેલી ન પડે.

**સુરત - મિતેશ પારેખ**

### દેશમાં વૈચારિક ક્રાંતિ જરૂરી

દેશ હરણફાળ પ્રગતિ કરી રહ્યો છે. દરેક પ્રકારની ક્રાંતિની વાતો કરીએ જેવી કે સામાજીક, ધાર્મિક, રાજકીય, ઔધોગિક, સહકારી, શૈક્ષણિક. દરેક ક્ષેત્રમાં ક્રાંતિનાં પરિણામો જોવા મળે પણ આઝાદીના 75થી વધુ વર્ષે થવા છતાં માનવીમાં વૈચારિક ક્રાંતિ જોવા મળતી નથી. છેલ્લા કેટલાક દિવસોથી અખબારમાં નજર ફેરવતા, આપઘાતના કિસ્સા, નજીવી બાબતમાં ખૂન, બનાવટનાં કિસ્સાઓ ધ્યાને આવે છે. તાજેતરમાં નામદાર સુપ્રીમ કોર્ટના જજ ઉપર જૂતા ફેંકવામાં આવ્યા એ ઘટના વખોડવા લાયક તો છે જ પણ ભારતના બંધારણનું પણ અપમાન કર્યું કહેવાય. આપણે દેશને વિશ્વગુરુ અને હિંદુ રાષ્ટ્ર બનાવવા જઈ રહ્યા છે ત્યારે આ પ્રકારના બનતા બનાવો રોકવા જરૂરી છે. આ ઉપરાંત દરેક ક્ષેત્રે ક્રાંતિ લાવનાર વિશ્વવિભૂતિ ઓના પૂતળા બાળવામાં આવે, જાતિભેદના કારણે પોલીસ અધિકારીએ આત્મહત્યા કરવી પડે, બંધારણના ઘડવૈયા વિશે અપમાનજનક શબ્દો બોલવામાં આવે, વંચિતોને મકાન મેળવવામાં હજુ મુશ્કેલી પડે આ બધા ઘર આંગણાના પ્રશ્નો જો સરળતાથી ઉકેલવામાં નિષ્ફળ જઈશું તો આવનારા દિવસોમાં અન્ય દેશો સાથે હરિફાઈમાં ટકવું મુશ્કેલ બની રહેશે. આખરે તો દરેક વ્યક્તિ બંધારણને વફાદાર રહેવા જરૂરી છે. દરેક વ્યક્તિ એક બીજા ઉપર અવલંબિત છે ત્યારે દરેક માનવીને સમાન તક મળવી જોઈએ. કોઈપણ બાબત તે પછી શિક્ષણ, રાજકારણ, વેપાર, સંપતિ, ધાર્મિક કે અન્ય હોય કોઈ એક વ્યક્તિ કે સમાજનું આધિપત્ય ન હોવું જોઈએ.

**સુરત - ચંદ્રકાંત રાણા**

### વધતા જતા બ્રેઈન ડ્રેઈન માટે જવાબદાર કોણ?

ભારત સરકાર અને સુજ્ઞ ગુણીજન જ્ઞાનીજનો વારંવાર બળાપો વ્યક્ત કરતા હોય છે કે દેશમાંથી સતત “બ્રેઈન ડ્રેઈન” થઈ રહ્યું છે અર્થાત બુદ્ધિજીવીઓનું બહિર્ગમન થઈ રહ્યું છે, બુદ્ધિધનની હિજરત થઈ રહી છે! પણ કેમ? તેની પાછળના કારણો તારણો સૂચિતાર્થો અને ધ્વન્યાર્થો તપાસવાની-ચકાસવાની તાતી જરૂર છે. વિશેષ કળા-કૌશલ્યની રાષ્ટ્ર જ કદર ન કરે, દેશમાં જ સમયસર ઉચિત માન સન્માન બહુમાન ન મળે તો સ્વાભાવિક છે કે બુદ્ધિજીવીઓ બહાર જવાનો માર્ગ અચૂક અખત્યાર કરે છે. ચાણક્ય મુનિ પણ કહે છે સાદર રોજગારી અર્થે દેશ છોડવો પડે તોપણ જરાય અફસોસ ન કરવો જોઈએ અને સત્વરે નિર્ણય લેવો જ જોઈએ. અનુભવથી જણાય છે કે મોટે ભાગે સંશોધક અભ્યાસુ ભારતીયને સૌપ્રથમ નોબલ પારિતોષિક વડે નવાજવામાં આવે છે અને ત્યારપછી જ ફટાફટ ઉતાવળે ભારત રત્ન આપવામાં આવે છે જેમકે રવીન્દ્રનાથ ટાગોર, સી વી રામન, મધર ટેરેસા અને અમર્ત્ય સેન. તો શું દેશની વિરાટ વિશાળ પ્રતિભા વિદેશમાં પોંખાય તેની રાહ જોવામાં આવે છે કે પછી દેશ દ્વારા તે અનિવાર્ય માપદંડ નક્કી કરવામાં,સાચા ધારાધોરણની ખરાઈ કરવામાં વણજોઈતો વિલંબ થાય છે ? સવાલ સૂચક સાર્થક સચોટ અને વેધક પણ છે,જેના પર વિચાર કરવો જ રહ્યો!

**ડીસા, બનાસકાંઠા - જિતેન્દ્ર એમ ટાંક**

### પોલીસ પ્રશાસનનો નમ્ર સંદેશ

વોટ્સએપ પર પોલિસ પ્રશાસનનો નમ્ર સંદેશ વાંચ્યો. “શિક્ષક દયા બતાવી શકે છે, પણ પોલીસ નહીં!” માતાપિતાને સાવધાન કરતો સંદેશ સાચે જ શિક્ષકો અને શાળા પ્રશાસન બાળકોના દુશમન હોય એવું વર્તન કરતા પેરેન્ટ્સ માટે દિશા સૂચક છે. સતત બાળકોનું હિત ઈચ્છનાર, પ્રેમ, કરુણા, સંવેદના અને સંસ્કારની સાથોસાથ શિક્ષણ માટે પ્રેરિત કરતાં શિક્ષકો આદરણીય છે.એ સત્ય ભૂલીને સમાજની અને બાળકોની સામે શિક્ષક પર હુમલાઓ, અભદ્ર ભાષા પ્રયોગ કરતાં વાલીઓ પોતાના સંતાનોને અસામાજિક પ્રવૃત્તિ કરવાની સીધીજ છૂટ આપે છે એ વાત ભૂલવી ન જોઈએ. બાળક શાળામાં જેટલો સમય રહે છે એનાં કરતાં વધુ સમય ઘરે રહે છે.ઘરનું ભાવવરણ,માતાપિતાનો આંધરો પ્રેમ,પૂરતો સમય ન આપવો, હંમેશા પોતાનું બાળકજ સાચું છે એવું સાબિત કરવાનો પ્રયાસ બાળકને વધુ સ્વછંદી બનાવે છે એ વાલીઓ સમજતા નથી. બાળકોની અયોગ્ય જીદ સંતોષતા માતાપિતા પોતાનાજ પગ પર કુહાડો મારે છે.પ્રત્યેક વાલીઓએ આ સંદેશ વાંચી, સમજી, અમલમાં મુકવા જેવો છે. પોલીસ પ્રશાસનને આ સંદેશ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ.

**સુરત - અરુણ પંડ્યા**